


January 2023 | Issue No. 49 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



**ઐતિહાસિક ધરોહરને અનુભવવાનો અવસર**

# એક અનોખો કાર્યક્રમ : માનવ સાંકળ

સામાન્ય રીતે જ્યાં જાહેર જગ્યા પર વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ નહીવત દેખાય તેના બદલે આજે ઘણી સંખ્યામાં પોસ્ટર લઈને ઉભેલા જોઇ શકો. વળી,  તેમની સાથે તેમના વાલી, શાળાના બાળકો, અને હમેશની જેમ પ્રભાત ટીમ તો ખરી જ. આ કાર્યક્રમનું નામ હતું ' માનવ સાંકળ '. એક એવું પ્રતિક કે જે કહી રહ્યું હતું. કે આપણે અલગ અલગ નહિ પણ સાથે છીએ. આ અનોખો કાર્યક્રમ વિશ્વ વિકલાંગતા દિવસ નિમિતે ઉજવાઈ ગયો.

અહી ખાસ, બાળકોએ તો મજા કરી પણ સાથે ટીમ દ્વારા વિકલાંગ વ્યક્તિઓ માટે આજે પણ સમાજમાં જે માનસિકતા છે તેને બદલવા માટે અપીલ કરવામાં આવી. જેમાં ખાસ , તેમને દયા થી નહિ પણ એક વ્યક્તિ તરીકે જુઓ અને દરેક અધિકાર આપો જે એક સામાન્ય વ્યક્તિને મળી રહ્યા છે. તેવી વાત કરવામાં આવી. આ દરમ્યાન અનેક લોકો જોઇને ઉભા રહીને કાર્યક્રમ ને નિહાળતા હતા. અને રોકાઈ જતા હતા. આ દરમ્યાન ટીમ દ્વારા પણ તેમની સાથે વ્યક્તિગત સંવાદ ની પ્રક્રિયા થતી હતી અને તેમને સંસ્થા અને તેના ઉદેશ્ય વિષે વાત કરવાનો અવસર ચુકતા ન હતા.

બાળકો અને વાલીઓ દ્વારા પોસ્ટર લેવામાં આવ્યા હતા. જેમાં ચોટદાર સુત્રો હતા. જેથી લોકો વાંચીને પણ આપણે જે સંદેશો કહેવા માંગીએ છીએ તેને સમજી શકે. અને બાળકોએ મ્યુઝીક પર ડાન્સ કરીને પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. કાર્યક્રમ માં કુલ્લ ૧૦૦ જેટલા બાળકોને ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે અનૌપચારિક રીતે સામાન્ય લોકો તો ખરા જ.





વટવા સ્થિત આશિષ વિદ્યાલયના બાળકો અને પ્રભાતના બાળકો એ સાથે રહીને ડ્રોઇંગ કરેલ. અહી મિક્સ ગ્રુપ કરીને પ્રવૃત્તિ કરવાની હતી અને બંને બાળકોએ સાથે રહીને ભાત ભાત ના ચિત્રો દોરીને પોતાની કળા પ્રદર્શિત કરી હતી. આ દરમ્યાન બંને બાળકોને એકબીજા સાથે સમય પસાર કરવાનો અવસર મળ્યો હતો. જે ખરેખર સમાનતા અને દરેક ને સ્વીકારવાના અભિગમ ને શીખવતી પ્રવૃત્તિ બની હતી.



### થમ્બ પેઇન્ટિંગ : કુદરત સાથે મળવાનો એક અદ્ભુત અવસર

કાંકરિયા ગુજરાતી શાળા નં-૮ માં વિશ્વ વિકલાંગ દિવસ નું સેલિબ્રેશન કરવામાં આવ્યું અને બાળકોને થમ્બ પેઇન્ટિંગ એક્ટિવિટી કરાવવામાં આવી.

બાળકોને થમ્બ પેન્ટિંગમાં અને વોટર કલર વડે રંગ પૂરવા ગમે છે છે તો આ વખતે બાળકોને આસપાસના વાતાવરણ (પર્યાવરણ) માંથી મળતી વસ્તુ દ્વારા છાપ પાડતા શીખવવામાં આવ્યું જેમાં છીપલા, પાંદડા, પથ્થર વગેરેથી બાળકોને છાપ પડાવતી વખતે બાળકો ઘણા ખુશ હતા અને પાંદડાની છાપ પાડવામાં બાળકોને ઘણી મજા આવી હતી એવું તેમના ચહેરા જોતા લાગતું હતું. બાળકો સ્વતંત્ર રીતે જ પાંદડાને વોટર કલર લગાવીને તેની છાપ પાડીને અને પાંદડું એમની જાતે જ સ્વતંત્ર રીતે ઉખેડતા હતા તેમને એક જ વાર એક્ટિવિટી બતાવી અને તેઓ સ્વતંત્ર રીતે કરી છાપ પાડી શકતા હતા જે બાળક અન્ય પર આધારિત ( Dipendeble ) છે તેઓ તેમની માતાની સાથે એક્ટિવિટી કરતા હતા એ બાળક પણ સારી રીતે આઇ કોન્ટેક રાખીને એક્ટિવિટીમાં ધ્યાન આપતા હતા.

**સેજલ આનંદ (સ્પેશીયલ એજ્યુકેટર)**







### જાગૃતિ રેલી :

એક પછી એક શણગારેલી ઊંટગાડી અને એમાંય ચહેરા પર હાસ્ય અને કુતુહલ ધરાવતા બાળકો આપણને નજરે ચડે. આ હતી વિકલાંગ સપ્તાહ ની જાગૃતિ રેલી. જે 7 ડિસેમ્બરનાં રોજ વટવા સેન્ટરથી મહાલક્ષ્મી તળાવ, નવાપૂરા મેદાન, ખૂત્બેઆલમ દરગાહથી લઇ પાછા પરત વટવા સેન્ટર સુધી યોજાઈ હતી.



સમાજમાં દરેક વ્યક્તિ સમાન અને સમાન અવસરનો સંદેશો આપવા માટે આ રેલી નું આયોજન કરાયું હતું. વિવિધ પોસ્ટર દ્વારા લોકો સુધી વાત પહોડવાનો સફળ પ્રયાસ કરવામાં આવેલ. બાળકોની સાથે વાલી અને અન્ય શાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.





રેલી દરમ્યાન જયારે લોકો કુતૂહલવશ આ રેલી વિષે પુછતા હતા તો તેમની સાથે સંવાદ કરીને રેલીનું ઉદેશ્ય અને સાથે પ્રભાત સંસ્થાની માહિતી આપવામાં આવી હતી જેથી આ વિષયને લઇને તેમને માહિતી આપવામાં આવી હતી.

## मैं अकेला ही चला था जानिब-ए-मंज़िल मगर ,लोग साथ आते गए और कारवाँ बनता गया

પ્રભાત પણ આ જ વિચારની સાથે પોતાના લક્ષ્યને પૂર્ણ કરવા માટે બીજાઓને પણ આ સફર માં સાથે રાખીને કાર્ય કરે છે. ચોક્કસ એમાં અનેક વ્યક્તિગત અને સંસ્થાનો સહભાગી બની રહી છે. એમની જ સાથે હોવાનો અહેસાસ પ્રભાત ને પોતાના લક્ષ્ય ને પૂર્ણ કરવા માટે એક પ્રકારની ઉર્જા આપતું હોય છે.

વિશ્વ વિકલાંગતા સપ્તાહ ની ઉજવણીની શરૂઆત એપ્રોચ દ્વારા આયોજીત સ્માર્ટ સ્ટ્રીટમાં પ્રભાતના બાળકો માટે થઇ હતી. જાહેર જગ્યા પર પોતાના અસ્તિત્વને દર્શાવવા અને સ્વીકારવા માટે આ પ્રકારના માધ્યમો હમેશા અસરકારક રહે છે. દરેક બાળક સમાન છે અને દરેકને આનંદિત ખુશ રહેવાનો અધિકાર છે એના પ્રતિક સ્વરૂપે બાળકોએ હોંશભેર ભાગ લીધો જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાળકો તે જગ્યા સુધી પહોચાડવા માટેની વ્યવસ્થામાં ટેકો કરવામાં આવ્યો. તો ડી કેથલોન દ્વારા લોજીસ્ટીક રીતે મદદ કરાઈ હતી





વિશ્વ વિકલાંગતા સપ્તાહની ઉજવણી માટે પણ પ્રભાત દ્વારા વિવિધ હિતાધારકો સાથે રહીને ઉજવણી કરી છે .The Museum Memories Project (MUME ) ના સંયુક્ત ઉપક્રમે ઐતિહાસિક ધરોહરને માત્ર જોવી નહિ પણ અનુભવવાની એક રોમાંચક મુલાકાત નો અવસર મળ્યો જેમાં પોલોમી દાસ અને આંચલ મહેતાએ બાળકોને હેરીટેજ વોક નો અનુભવ વિવિધ આકારો અને સ્પર્શ સાથે દ્વારા  કરાવ્યો.



Etech Global Service થી તેમના પ્રતિનિધિ પ્રભાત સેન્ટર પર આવીને બાળકો સાથે સ્ટોરી ટેલીંગ, ડાન્સ અને કુકિંગ જેવી વિવધ પ્રવૃતિઓ કરી હતી. જેમાં બાળકોને હોંશભેર ભાગ લીધો હતો. બંને તરફથી કશુક લેવાની અને આપવાની સહજ પ્રક્રિયા થઇ હતી. પોતાની પાસે છે એનાથી ખુશ રહેવાની બાળકોની નિર્દોષતા ઘણી મોટી શીખ આપી જતી હોય છે.

## સમાનતાના મુલ્યના ઘડતર માટેનું એક પગલું : ભારત સ્કુલ અને પ્રભાત ના બાળકોની સંયુક્ત રીતે વિકલાંગતા સપ્તાહની ઉજવણી

વૈશ્વિક વિકલાંગતા દિવસની આ વર્ષની થીમ હતી, તેમના માટે નિશ્ચિત કરેલ Sustainable Development Goals (SDGs) જેવા કે, ગરીબી અને અસમાનતાને દુર કરવું અને આરોગ્ય, ન્યાય અને સુખાકારી માટે આપણે એક સાથે કાર્ય કરીએ અને તેની સામે આવતા પડકારો અંગે જાગૃતિ લાવીએ. આ જ દિશામાં પ્રભાતે એક અઠવાડિયું વિવિધ કાર્યક્રમો કરીને તેને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે.

તેથી જ દાણીલીમડા સેન્ટર ના બાળકોને  મન ગમતી પ્રવૃતિઓ તો કરાવવામાં આવી પણ તેમાં તેમના સાથીદારો બન્યા ભારત સેકન્ડરી સ્કુલ ના વિદ્યાર્થીઓ. બાળક માં સમાવેશી અભિગમના મુલ્ય ના બીજ કંડારવા જ પ્રભાત અન્ય શાળાઓ સાથે વિવિધ કાર્યક્રમો હેઠળ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના કાર્યક્રમો સંયુક્ત રીતે આયોજન કરતુ હોય છે. અને તેના જ ભાગરૂપે 5 ડિસેમ્બર ના રોજ આ કાર્યક્રમ કરવામાં આવ્યું.

અહી, ડ્રોઇંગ,ફિંગર પ્રિન્ટિંગ, મહેંદી, જુમ્બા ડાન્સ જેવી પ્રવૃત્તિઓ અલગ અલગ ગ્રુપમાં  કરાવવામાં આવી. આ પ્રવૃતિઓ ની પ્રક્રિયા જયારે આપણે નિહાળતા હોઈએ ત્યારે એક સ્વસ્થ સમાજ કે જ્યાં અસામનતા નથી અને દરેકનો એક વ્યક્તિ તરીકે સ્વીકાર થવો જોઈએ તેને જીવતું જાગતું ઉદાહરણ આપણે જોઈ શકીએ.

ચોક્કસ શરૂઆતમાં શાળાના બાળકો પ્રભાતના બાળકો સાથે મિક્સ થવામાં થોડી મૂંઝવણ અનુભવી. પણ જેવા પ્રભાતના બાળકને પ્રવૃત્તિ કરતા મથામણ કરતા જોયા કે તરત એક બે બાળક તેમની મદદ માટે આવ્યા. અને તેમને જોઇને અન્ય બાળકો પણ મદદ માટે આવી ગયા અને સહજતાથી એક ટીમ માં તેઓ પ્રવૃત્તિ કરવા લાગ્યા.

આ શાળાના 80 બાળકો અને પ્રભાતના 30 બાળકો મળીને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને ખરા અર્થમાં અહી વિકલાંગતા દિવસની ઉજવણી થઇ હતી એવું લાગ્યું







**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org